રજુ તારીખ : ૨૮/૦૯/૨૦૧૬

નોંધ્યા તારીખ : ૨૮/૦૯/૨૦૧૬

ફેંસલ તારીખ : ૦૨/૦૫/૨૦૨૬

અવધિ :–વર્ષ ૦૯ –માસ ૦૭ દિન–૦૪

---

**ઝઘડીયાના મહે.પ્રિન્સિ.સીની.સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં**
**મુ.ઝઘડીયા.જી.ભરૂચ.**

---

**<u>દિ.મુ.નં.૪૮/૨૦૧૮</u>**
**(જુનો દિ.મુ.નં. ૧૧૩/૨૦૧૬)**
**આંક :–૪૪**

**વાદી :–**

**(૧) જયંતીભાઈ રેશ્માભાઈ વસાવા,**
**રહે. રાજપારડી,તા.ઝઘડીયા,**
**(૨) મધુબેન તે રેશ્માભાઈ મોતીયા વસાવાની**
**દિકરી અને ગોવિંદભાઈ ધનજીભાઈ વસાવાની પત્ની,**
**રહે. આંબોલી,તા.અંકલેશ્વર,જી.ભરૂચ,**
**સ્વ. શારદાબેન તે રેશ્માભાઈ મોતીયાની દિકરી અને મહેન્દ્ર**
**મારૂજીની પત્નીના વારસો**
**(૩) હરેશ મહેન્દ્ર વસાવા,**
**(૪) સોનલબેન તે મહેન્દ્ર મારૂજી વસાવાની દિકરી,**
**(૫) અંબાબેન તે રેશ્માભાઈ મોતીયાભાઈ વસાવાની દિકરી**
**અને નરેશભાઈ જેઠાભાઈ વસાવાની પત્ની,**
**(૬) બાબુભાઈ રેશ્માભાઈ વસાવા,**
**નં. ૩ થી ૬ રહે. રાજપારડી,તા.ઝઘડીયા,જી.ભરૂચ,**
**(૭) કૈલાશબેન તે રેશ્મા વસાવાની દિકરી અને**
**ડાહ્યાભાઈ ગણપત વસાવાની પત્ની,**
**રહે. ખડોલી,તા.ઝઘડીયા,જી.ભરૂચ**

**વિરૂધ્ધ.**

પ્રતિવાદી:- સ્વ. હીરાભાઈ નાગલા વસાવાના વારસો,
(૧) બચીબેન તે હીરાભાઈ નાગલા વસાવાની વિધવા(મરણ)
(૨) બચુભાઈ હિરાભાઈ વસાવા (મરણ)
(પ્રતિવાદી નં.૧,૨ મરણ જતા આંક-૯ હુકમ મુજબ વારસો)
(અ) મધુબેન તે ગોવિંદભાઈ હીરાભાઈની વિધવા,
(બ) વિનોદભાઈ ગોવિંદભાઈ વસાવા,
(ક) અરવિંદભાઈ ગોવિંદભાઈ વસવા,
(ડ) રાધાબેન તે ગોવિંદભાઈ હીરાભાઈની દિકરી,
(સ્વ. વાલજીભાઈ નાગલા વસાવાના વારસો)
(૩) મંગીબેન તે વાલજી નાગલા વસાવાની વિધવા,
(૪) બુધિયાભાઈ રમણભાઈ વાલજી વસાવા,
(સ્વ. રમણ વાલજી વસાવાના વારસો)
(૫) શ્રધ્ધાબેન રમણભાઈ વાલજી વસાવા,
(૬) ચંપાબેન વાલજીભાઈ વસાવા,
(૭) સુકતીબેન તે ચંદુભાઈ વાલજીભાઈ વસાવાની વિધવા,
(૮) કાંતાબેન વાલજીભાઈ વસાવા,
(૯) સુખીબેન વાલજીભાઈ વસાવા,
તમામ રહે. રાજપારડી,તા.ઝઘડીયા,જી.ભરૂચ,
(૧૦) ગુજરાત સરકાર મારફત મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય,
રહે. સચીવાલય, ગાંધીનગર,
(૧૧) કલેકટરશ્રી ભરૂચ,
રહે. કલેકટર કચેરી ભરૂચ.
(૧૨) મામલતદારશ્રી, ઝઘડીયા,
રહે. મામલતદાર કચેરી ઝઘડીયા,તા.ઝઘડીયા,જી.ભરૂચ.

| | |
|---|---|
| બાબત : | રૂા. ૨૦૦૦/- ના આંકથી જાહેરાત તથા જાથુના મનાઈ હુકમ તથા મેન્ડેટરી આદેશ મેળવવાનો દાવો. |

| | | |
|---|---|---|
| વાદી તરફે | : | વિ.વ.શ્રી.એન.સી.ગોડીગજબાર |
| પ્રતિવાદી તરફે | : | વિ.વ.શ્રી |

**-::<u>ઠ રા વ</u> ::-**

(૧) વાદીની દાવા અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી નં.૧,૨,૫,૬ અને ૭ ગુજરનાર રેશ્માભાઈ મોતીયાભાઈ વસાવાના પુત્રો તથા પુત્રી થાય છે. જયારે વાદી નં.૩,૪ વાદીઓની બેન સ્વ. શારદાબેનના સંતાનો છે. મોજે માધવપરા(રાજપારડી), તા.ઝઘડીયા, જી.ભરૂચની સીમમા આવેલ જુના સર્વે નં. ૨૫૯, ૨-૦૪ એકર ગુંઠા, જેનો નવો બ્લોક નં. ૨૧૦,૦-૮૫-૦૦ હે.આરે પ્રતિ આરે વાળી જમીન તા. ૦૨/૦૨/૧૯૭૧ ના રોજ વાદીઓના વડીલ રેશ્મા મોતીયા વસાવા રહે. માધવપરા(રાજપારડી, તા.ઝઘડીયા, જી.ભરૂચ) નાએ જે તે સમયે તે જમીનના માલિક વાલજી નાગલા વસાવા, રહે. રાજપારડી, તા.ઝઘડીયા પાસેથી રૂા. ૧૦૦૦/- રોકડામા વેચાણ લીધેલ. જે અંગેના રજી. વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર ઝઘડીયા રૂબરૂ તા. ૦૩/૦૨/૧૯૭૧ ના રોજથી ખરીદ કરેલી. તે અંગે ગામ દફતરે એન્ટ્રી નં. ૧૧૧૦ તા. ૨૫/૦૨/૨૦૦૨ ના રોજની ગામના નમુના નં.૬ મા દાખલ કરવામા આવેલ. સદરહુ ફેરફાર નોધ '' વેચાણ રાખનારના ખેડુત અંગેના પુરાવા રજુ થયેલ નથી જેથી રદ'' ના શેરાથી સદરહુ ફેરફાર નોધ પ્રમાણીત થયેલ નહી. પરંતુ ત્યારથી સદરહુ જમીનનો ભોગવટો અને ખેડ હકક વાદીઓના વડીલ એટલે કે વાદી નં. ૧ ના પિતા રેશમાભાઈ મોતીયાભાઈ વસાવામા ચાલ્યો આવતો હતો.

વધુમા વાદીઓએ તેઓની દાવા અરજીમા જણાવેલ છે કે, ઉપરોકત જમીન સ.નં. ૨૧૦, ૦-૮૫-૦૦ હે.આરે. પ્રતિ મા હિરાભાઈ નાગલાભાઈ અને વાલજીભાઈ નાગલભાઈના નામો એન્ટ્રી નં. ૫૬૫ થી નોધાયેલ છે. પરંતુ સદર

જમીન વાદીઓના વડીલ રેશ્માભાઈ મોતીયાભાઈ વસાવાને તા. ૦૩/૦૨/૭૧ ના રોજ વેચાણ આપેલ હોય અને કબજો સોપેલ હોય હીરા નાગલા વસાવા તથા વાલજી નાગલા વસાવા પાસે જમીનનો કબજો ન હોય પણ વાદીઓ પાસે હોય તેઓની વારસદારો તરીકે વારસાઈ થઈ નથી. વાદીઓ અને તેઓના વડીલ રેશ્મા મોતીયા વસાવા પાસે તા. ૦૩/૦૨/૭૧ થી આજદીન સુધી સદરહુ જમીનનો કબજો ભોગવટો ચાલી આવેલ હોય અને જમીન માલિકે વેચાણના ૨ વર્ષમા કબજો પરત મેળવવા અરજી કરેલ ન હોય ગુજરાત (બોમ્બે) લેન્ડ રેવન્યુ કોડની કલમ ૭૩કક,(૩)(ખ)(૧) ની જોગવાઈ મુજબ તા. ૦૧/૦૪/૬૧ અને તા. ૦૧/૦૨/૮૧ વચ્ચે આદિવાસી આદિવાસી વચ્ચેની તબદીલી હોય તે માન્ય છે અને તેથી કાયદાની જોગવાઈનો ભંગ થતો નથી અને જમીનનો કબજો વેચાણ લેનાર/અને તેના હિત ઉતરાધિકારી પાસે હોય તે કારણે પણ આ તબદીલી કાયદેસર છે અને તે માટે કલેકટરશ્રીની કે જીલ્લા પંચાયતની પરવાનગી લેવાની કોઈ જરૂરત રહેતી નથી. એક આદિજાતિના ખેડુતે બીજા આદિજાતિના ખેડુતની તરફેણમા જમીનની તબદીલ કરતા તે કલમ ૭૩એએ(૩) હેઠળ આવે અને તેવી જમીન કલમ ૭૩એએ(૪) ની સતાની રૂએ રાજયસાત થઈ શકે નહી.

વધુમા વાદીઓએ તેઓની દાવા અરજીમા જણાવેલ છે કે, ઉપરોકત તબદીલી અંગેની ફેરફાર નોંધ નં. ૧૧૧૦, તા. ૨૫/૦૨/૨૦૦૨ થી દાખલ થયેલી. પરંતુ માત્ર વેચાણ રાખનાર ખેડુત ખાતેદાર હોવા અંગેના પુરાવા રજુ ન થવાથી સદરહુ એન્ટ્રી રદ કરેલ હતી. વાસ્તવમા તબદીલીથી લેનાર રેશ્માભાઈ મોતીયાભાઈ વસાવા મોજે માધવપરા, તા.ઝઘડીયા, જી. ભરૂચના બ્લોક/સર્વે નં. ૧૧૫, ૨૭૦, ૨૯૧ અને ૩૧૩ વાળી જમીનના માલિક હતા. જે જમીન હાલ

ગુજરનાર રેશ્માભાઈ મોતીયાભાઈના વારસોના નામે વારસાઈથી દાખલ થયેલ છે. એટલે કે સદર જમીન વેચાણ રાખી ત્યારે વેચાણ રાખનાર રેશ્માભાઈ મોતીયાભાઈ વસાવા ખેતીની જમીન માધવપરા(રાજપારડી), તા. ઝઘડીયા મુકામે ધારણ કરતા હતા. તેથી એન્ટ્રી નં. ૧૧૧૦, તા. ૨૫/૦૨/૦૨ ની જે રદ કરેલી તે બાબતે નવો પુરાવો રજુ થતા સદર એન્ટ્રીની જગ્યાએ નવી એન્ટ્રી દાખલ કરી તબદીલીથી ખરીદનાર રેશ્માભાઈ મોતીયાભાઈ વસાવાના વારસો યાને વાદીઓના નામો સદર જમીન રેવન્યુ રેકર્ડમા દાખલ કરવા જરૂરી હોય કારણકે વેચાણ રાખનાર રેશ્મા વસાવા આદિવાસી અને કાયદાના અજાણ, અજ્ઞાન હોય તલાટીએ તેમની પાસેથી ખેડુત છે કે કેમ?. તે અંગેના પુરાવા આધાર માંગવા જોઈતા હતા. તેમ કર્યા વગર તેમની પીઠ પાછળ ખેડુત હોવાનો પુરાવો રજુ કરેલ ન હોય એન્ટ્રી રદ કરી તે કૃત્યુ ખોટુ અને ગેરકાયદેસર છે. છતા ફરીથી વેચાણ રાખનારના નામ દાખલ કરવામા આવતા ન હોય તે કારણે પ્રતિ નં. ૧૦ થી ૧૨ ને તા. ૨૦/૦૬/૧૬ ના રોજની સી.પી.સી કલમ–૮૦ મુજબની કાયદેસર નોટીસ મોકલીને જણાવેલ કે, નોટીસ મળ્યેથી દિન–૬૦ ની મુદતમા ઉપરોકત જમીનના રેવન્યુ રેકર્ડમા ગા.ન.નં. ૬ ના હકકપત્રકમા વાદીઓના નામે તબદીલીની એન્ટ્રી દાખલ કરી પ્રમાણિત કરી તેની અસર ગા.ન.નં. ૮અ અને ૭×૧૨ મા પણ આપવી. જો તેમ કરવામા તમો કસુર કરશો તો સદર મુદત વિત્યે વાદીઓ સીવીલ કોર્ટમા દાવો દાખલ કરી દાદ માંગશે અને તેમા થનાર તમામ પ્રકારના ખર્ચ, નુકશાન અને પરીણામની જવાબદારી તમારા શીરે રહેશે જેની ગંભીરતાપૂર્વક નોધ લેવી તે નોટીસ મળવા છતા તેનો પ્રતિવાદી નં. ૧૦ થી ૧૨ ધ્વારા અમલ કરેલ ન હોય તેથી હાલનો દાવો કરવો પડેલ છે. સદર દાવામાં વાદી તર્ફે દાવાવાળી જમીનની તબદીલી આદીવાસી–આદીવાસી વચ્ચેની હોઈ કલેકટરની

પરવાનગીથી જ થયેલ ગણાય તેવુ જાહેર કરાવવા, નોંધ નં.૧૧૧૦ ની એન્ટ્રી પ્રમાણીત કરવા મેન્ડેટરી હુકમ મેળવવા, કબજા ભોગવટા અંગે કાયમી મનાઈ હુકમ મેળવવા અથવા વિકલ્પે એડવર્સ પઝેશનથી માલીક ઠરાવવાની દાદ માંગેલ છે.

**(૨)** આ કામના પ્રતિવાદીઓને દાવા અરજીના સમન્સ/નોટીસની બજવણી થયેલ હોવા છતા પ્રતિવાદીઓ નિયમિત હાજર થયેલ નથી કે કોઈ જવાબ રજુ રાખેલ નથી.

**(૩)** આ દાવાના કામે વાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**–: મૌખિક પુરાવા :–**

| અ.નં. | આંક/ નિશાની | વિગત |
|---|---|---|
| ૧. | ૨૧ | વાદી જયંતીભાઈ રેશ્માભાઈ વસાવાની સોગંદ ઉપરની જુબાની |

**–: દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | આંક/નિ | વિગત |
|---|---|---|
| ૧. | ૨૭ | ગામ નમુના નં.૭ ની નકલ |
| ૨. | ૨૮ | ગામ નમુના નં.૧૨ ની નકલ |

| | | |
|---|---|---|
| ૩. | ૨૯ | વાદીઓની માધવપરા ગામની ખાતા નં.૧૧૯ ના ગામ નમુના નં. ૮અ ની નકલ |
| ૪. | ૩૦ | ગામ નમુના નં. ૮અ ની નકલ |
| ૫. | ૩૧ | સર્વે નં.૨૭૦ ના ગામ નમુના નં. ૭ ની નકલ |
| ૬. | ૩૨ | સર્વે નં.૨૯૧ ના ગામ નમુના નં. ૭ ની નકલ |
| ૭. | ૩૩ | ગામ નમુના નં.૬ ની એન્ટ્રી નં. ૧૧૧૦ ની મામલતદાર ઝઘડીયાની નકલ |
| ૮. | ૩૪ | નોટીસ |
| ૯. | ૩૫ | નોટીસ બજી ગયા અંગેની પાવતી |
| ૧૦. | ૩૬ | નોટીસ ગુજરાત રાજયના મુખ્ય સચિવને બજી ગયાની અસલ એ.ડી. |
| ૧૧. | ૩૭ | દાવાવાળી જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અસલ |

**(૩.૧)** ત્યારબાદ વાદી તરફે આંક–૩૯ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખી વધુ કોઈ પુરાવો આપવો નથી તેવુ જાહેર કરવામા આવેલ છે.

**(૪)** આ દાવાના કામે પ્રતિવાદીઓને પોતાનો પુરાવો રજુ કરવાની પુરતી તક આપેલ હોવા છતા પ્રતિવાદીઓ સ્વયં અથવા તો વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ ન હોય આંક–૪૧ હેઠળ પ્રતિવાદીઓનો પુરાવો રજુ કરવાનો હક બંધ કરતો હુકમ કરવામા આવેલ છે.

**(૫)** સદર કામે વાદી તરફે મૌખિક દલીલો કરવામા આવેલ છે જે ઘ્યાનપૂર્વક સાંભળી.

**(૬)** ઉપરોકત મુજબના વાદી તથા પ્રતિવાદીઓના પુરાવા, વાદીની દાવા અરજીની હકીકતો, પ્રતિવાદીના જવાબની હકીકતો સબબ દાવાના નિર્ણય સારૂ અત્રેની અદાલતના પુરોગામી ન્યાયાધીશ દ્વારા **આંક–૨૫** થી નીચે મુજબના મુદાઓ રજુ રાખવામા આવેલ છે:–

**–:<u>મુદૃાઓ :–</u>**

| | |
|---|---|
| **મુદૃા નં.૧ :–** | શું વાદી પુરવાર કરે છે કે, વાદગ્રસ્ત જમીન તા. ૦૨/૦૨/૧૯૭૧ ના રોજ વાદીઓના વડીલ રેશ્માભાઈ મોતીયાભાઈ વસાવાએ જમીનના માલિક વાલજીભાઈ નાગલભાઈ વસાવા પાસેથી રૂા. ૧,૦૦૦/– માં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલી?. |
| **મુદૃા નં.૨ :–** | શું વાદી પુરવાર કરે છે કે, વાદીઓના વડીલ રેશ્માભાઈ ખેતીની જમીન મોજે માધવપુરા, તા. ઝઘડીયાના બ્લોક/સર્વે નં. ૧૧૫, ૨૭૦, ૨૯૧ અને ૩૧૩ વાળી જમીનો માલિકી હકકે ધરાવતા હતા?. |
| **મુદૃા નં.૩ :–** | શું વાદી પુરવાર કરે છે કે, આ દાવો સાંભળવા અત્રેની કોર્ટને હકુમત છે?. |
| **મુદૃા નં.૪ :–** | શું વાદી પુરવાર કરે છે કે, વાદીનો દાવો સમય મર્યાદામા દાખલ કરેલ છે?. |
| **મુદૃા નં.૫ :–** | શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?. |
| **મુદૃા નં.૬ :–** | શું હુકમ?. હુકમનામુ?. |

**(૬.૧)** ઉપરોકત મુજબના મુદદાઓના જવાબ નીચે મુજબ નિર્ણીત કરવામા આવેલ છે.

૧) નકારમાં

૨) નકારમાં

૩) હકારમાં

૪) નકારમાં

૫) નકારમાં

૬) આખરી હુકમ મુજબ.

**(૬.૨)** ઉપરોકત મુજબના જવાબ નિર્ણીત કરવા અંગેના કારણો નીચે મુજબ છે:–

:: **કારણો** ::

**(૭) મુદ્દા નં. ૧ થી ૫ :**– મુદ્દા નં. ૧ થી ૫ એકબીજાને સંલગ્ન તેમજ એકબીજાના પુરક હોય, સગવડતા ખાતર તેની એક સાથે ચર્ચા કરવામાં આવેલ છે.

**(૭.૧)** સદર કામે વાદીઓ તરફે પોતાની દાવા અરજીની હકીકતો પુરવાર કરવા સારૂ આંક–૨૧ થી વાદી જયંતીભાઈ રેશ્માભાઈની સોગંદ ઉપર સરતપાસ રજુ રાખેલ છે. વાદીની દાવા અરજીની હકીકત મુજબ વાદીના વડવા અને જે તે સમયના જમીનોના માલિક વાલજી નાગલા વસાવા નાઓએ માધવપુરા (રાજપારડી), તા. ઝઘડીયાની સર્વે નં. ૨૫૯ નો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ તા. ૦૩/૦૨/૧૯૭૧ ના રોજ કરી આપેલો ત્યારથી વાદીઓ સદર જમીનનો કબજો ભોગવટો ધરાવતા આવેલા છે. આ તબકકે આંક–૩૭ થી રજુ દસ્તાવેજ વંચાણે લેવામા આવે તો સબ રજીસ્ટ્રાર કચેરીમા રજીસ્ટર થયેલો દસ્તાવેજ છે. સદર દસ્તાવેજનુ લખાણ વંચાણે લેવામા આવે તો સબ રજીસ્ટ્રાર કચેરીમાં રજીસ્ટર થયેલો દસ્તાવેજ છે. સદર દસ્તાવેજનુ લખાણ વંચાણે લેતા સ્પષ્ટ થાય છે કે, આ વેચાણ કર્યા અંગેનો દસ્તાવેજ નહી પરંતુ વેચાણ કરી આપીશુ તે અંગેનો કરાર હોવાનુ ફલીત થાય છે. આ કરાર કરનાર વાલજીભાઈ નાગજીભાઈ નાઓ છે. સદર દસ્તાવેજમાં નોધેલ છે કે, '' આ જમીન હાલમા મારી માં બાઈ રૂપડી તે દિવેલઆ

જીવલાની દિકરીના નામે ચાલે છે અને તે વારસોના હકકમાં મારા નામે કરાવી તમોને તમારે નામે કરાવી આપવાની છે અને તે તમારે નામે કરાવી આપવાની જવાબદારી મારી છે''. આમ, આ દસ્તાવેજના લખાણથી સ્પષ્ટ છે કે, આ લખાણ કરનાર વાલજીભાઈ નાગલાભાઈ નાઓએ દસ્તાવેજ કર્યો ત્યારે એટલે કે તા. ૦૩/૦૨/૧૯૭૧ ના રોજ દાવાવાળી જમીનના તેઓ માલિક જ ન હતા અને વારસામા તેમને મળેથી રેશ્માભાઈના નામે કરવાના હતા. હવે વાદી તરફે આંક–૨૭,૨૮ થી રજુ દાવાવાળી જમીનના ગામ નમુના નં. ૭ અને ૧૨ વંચાણે લેવામા આવે તો તેમા કબજેદાર તરીકે હીરા નાગલા અને વાલજી નાગલા એમ બે નામ ચાલે છે એટલે કે બાઈ રૂપડીના બે વારસો હતા. હવે વાલજી નાગલાને આ જમીન એકલા તેમના હિસ્સે કયારે આવી અને વાલજી નાગલાના નામે શુ દાવાવાળી જમીન થઈ હતી તે અંગે વાદી તરફે કોઈ જ પુરાવો રજુ રાખવામા આવેલ નથી. વધુમા વેચાણ દસ્તાવેજ જેવો કરાર કરાવી લેનાર રેશ્માભાઈ મોતીચાભાઈ વાદીની દાવા અરજીની હકીકતો મુજબ તા. ૨૮/૦૫/૧૯૯૫ ના રોજ મરણ ગયેલા પરંતુ તા. ૦૩/૦૨/૧૯૭૧ થી તા. ૨૭/૦૫/૧૯૯૫ જેટલા ૨૫ વર્ષના લાંબા સમયગાળા દરમ્યાન રેશ્માભાઈ મોતીચાભાઈ નાઓએ પોતાના વેચાણ દસ્તાવેજ જેવા કરાર અંગે કોઈ જ કાર્યવાહી કરેલ નથી. રેશ્માભાઈ મોતીચાભાઈએ ૨૫ વર્ષ દરમ્યાન દાવાવાળી જમીન પોતાના નામે કરાવવા કોઈ કાર્યવાહી કરી હોય તેવા કોઈ જ પુરાવા વાદી તરફે રજુ નથી. વાદી તરફે રજુ વેચાણ દસ્તાવેજ જેવો કરાર એ ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની જોગવાઈઓ મુજબ કોઈપણ રીતે વેચાણ અંગેનો વેચાણ દસ્તાવેજ નથી. સદર દસ્તાવેજ એ માત્ર ભવિષ્યમા પોતાના નામે જમીન થશે ત્યારે તમારા નામે કરીશ તેવો કરાર માત્ર

છે. સદર કરારનુ પાલન કરાવવા માટે રેશ્માભાઈ મોતીયાભાઈ ધ્વારા કોઈ કાર્યવાહી કરવામા આવેલ નથી. અહી સ્પષ્ટ છે કે, તા. ૦૩/૦૨/૧૯૭૧ના રોજ રેશ્માભાઈની તરફેણમા દાવાવાળી જમીન અંગેનો વેચાણ દસ્તાવેજ થયેલો જ નથી તે દસ્તાવેજ એક કરાર છે જેનુ પાલન આજદીન સુધી એટલે કે ૪૦ વર્ષોથી થયુ જ નથી. વાદીઓએ આ કરારનુ પાલન વાલજીભાઈ નાગલાભાઈને વારસાઈ જમીન મળે તેના ત્રણ વર્ષમા કરાવવાનુ હતુ પરંતુ વાદીઓના વડવાઓએ કે વાદીઓએ આ માટે યોગ્ય સમયમાં કોઈ જ પ્રયાસો કરેલ નથી. વાદીઓ તરફે પોતાની માલિકીની જમીનો રેશ્માભાઈ ધરાવતા હતા તેવુ દર્શાવવા આંક–૩૧ થી ૩૨ સુધીના ગામ નમુનાના ઉતારા રજુ રાખેલ છે જે તમામ ૨૦૧૫ ની પરીસ્થિતિના છે. પરંતુ રેશ્માભાઈ મોતીયાભાઈ સને ૧૯૭૧ માં ખેતીની જમીન ધરાવતા હોય તેવા કોઈ તે સમયગાળાના ઉતારા વાદી તરફે રજુ રાખવામા આવેલા નથી. વાદીઓ દાવાવાળી જમીનનો કબજો સતત ૧૯૭૧ થી ધરાવતા હોય તેવા પણ કોઈ જ પુરાવાઓ વાદી તરફે રજુ નથી.

**(૭.૨)** ઉપરોકત તમામ ચર્ચા મુજબ સ્પષ્ટ છે કે, વાદી તરફે રજુ વેચાણ દસ્તાવેજ એ ખરેખર વેચાણનો કરાર હોવાનુ જણાય છે. જેનુ આજદીન સુધી પાલન કરાવવા પ્રયત્નો થયેલ નથી. કબજો પુરવાર કરવા પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી. વધુમા સને ૧૯૭૧ માં રેશ્માભાઈ નાઓ ખેતીની જમીન ધરાવતા હોય તેવા કોઈ ઉતારા વાદી તરફે રજુ નથી તેમજ વાદીનો દાવો સમય મર્યાદામાં દાખલ પણ થયેલ નથી. આવા સંજોગોમાં વાદી કોઈપણ દાદ મેળવવા હકકદાર બનતા નથી અને તે મુજબ જ મુદા નં. ૧ થી ૫ ના જવાબ નિર્ણીત કરવામા આવેલ છે તેમજ મુદા નં.૬ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

:: **<u>આખરી હુકમ</u>** ::

(૧) વાદીઓનો હાલનો દાવો નામંજુર એટલે કે રદ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૨) દાવાનો ખર્ચ વાદીઓએ જાતે ભોગવવો.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવું.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા  વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા.૦૨/૦૫/૨૦૨૬<br>સ્થળ: ઝઘડીયા. | (ઈ.આર.ક્ષત્રિય)<br>પ્રિન્સીપાલ સીની.સિવીલ જજ<br>ઝઘડીયા.જી.ભરૂચ.<br>**યુનીક જજ કોડ – જી.જે.૦૧૧૯૭** |